Monthly Newsletter

અંક : ૧૩

૧૦ એપ્રીલ ૨૦૧૭

# સંગઠીત અવાજ

Collective Voice of Gujarat

HO: GSNP+, Plot No. 67, Sahyog Co.op. Society, Ne. Barfiwala College, Sumul Dairy road, Surat

BO: GSNP+ D-9, ESI Hospital, 1st Floor, Nr. Dada Hari Vav, Asarva Yard, Asarva, Ahmedabad

www.gsnpplus.org www.facebook.com/gsnpplusgujarat

## વિશેષ કામગીરી

### વિશ્વ મહિલા દિવસ

જી.એસ.એન.પી.+ દ્વારા પરિવર્તન ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે અમદાવાદ સ્થિત મહિલા દિનની ઉજવણી માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કર્યુ. કાર્યક્રમ નો હેતું સંઘર્ષ કરીને સફળતાપૂર્વક પોતાની જવાબદારીઓ નિભાવી રહી છે, તેવી સક્ષમ એચ.આઇ.વી. પોઝીટીવ મહિલાઓના સન્માન દ્વારા અન્ય એચ.આઇ.વી. સાથે જીવતી મહિલાઓને પ્રેરણા પૂરી પાડવાનો હતો. સ્થાનિક વોર્ડના કોર્પોરેટરશ્રી બિપીનભાઇ પટેલ સહિત સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, એન.એસ.એસ. ગ્રુપ, ડીઝાયર ફાઉન્ડેશન, યુવા સંસ્થા, જીસેક્સ સીએસટી ટીમ પ્રતિનિધી, અમદાવાદ એ ઇડ્સ નિયંત્રણ સોસાયટીના મેઇનસ્ટ્રીમીંગ ડાયરેકટર તેમજ અમદાવાદ ૧૦૮ના ડાયરેકટરની સવિશેષ ઉપસ્થિતીથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### વિશ્વ ક્ષય દિવસ

સમગ્ર વિશ્વની સાથે ગુજરાતમાં પણ રાજય સ્તરીય ટીબી દિવસના કાર્યક્રમ નું આયોજન મહેસાણા જિલ્લા ખાતે કરવા માં આવ્યું. દૂધસાગર ડેરી હોલ, મહેસાણા ખાતે આયોજીત કાર્યક્રમમાં રાજયના આરોગ્ય મંત્રીશ્રી શંકરસિંહ ચૌધરીના અધ્યક્ષસ્થાને આયોજીત આ કાર્યક્રમમાં રાજયના મુખ્ય અધિકારી ઓ તથા જિલ્લા સ્તરીય વહીવટી અધિકારી શ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમ્યાન જી.એસ.એન.પી.+ દ્વારા તૈયાર કરવામાં આવેલ એચ.આઇ.વી. ટીબી લાભાર્થીઓના પોસ્ટર માનનીય આરોગ્યમંત્રીશ્રીના વરદહસ્તે વિમોચન કરવામાં આવ્યા. તથા કાર્યક્રમ દરમ્યાન જી.એસ.એન.પી.+ ના સહમંત્રી શ્રીમતી આશાબેન પટેલ દ્વારા પોતાના એચ.આઇ.વી. તથા ટીબી સાથેના જીવનના અનુભવો સંવેદનશીલતાપૂર્વક વ્યકત કર્યા.

## વિશ્વ મહિલા દિવસ

... અમે એચ.આઇ.વી. સાથે જીવતી ગુજરાત રાજયની ૨૫,૬૭૪ એચ.આઇ.વી. પોઝીટીવ મહિલાઓનો અવાજ અને ચહેરો છીએ.



- વિધવા એચ.આઇ.વી.પોઝીટીવ લાભાર્થી બહેનો : ૫,૫૮૬
- ઇન્દીરા ગાંધી પેન્શન યોજનાના લાભાર્થી બહેનો ૨૭૪
- અન્ય મહિલા વિશેષ યોજનાનો લાભાર્થી બહેનો ૨૬૪.

૩૧મી માર્ચ ૨૦૧૭ ..સુધીમાં ગુજરાતમાં ૨૬ વિહાન કેર સપોર્ટ સેન્ટર દ્વારા વિવિધ સેવાઓ પ્રાપ્ત કરતા કુલ ૫૩,૨૮૭ એચ.આઇ.વી. સાથે જીવતા લાભાર્થીઓ નોંધાયા. જેમાંથી...

સરકારી યોજના અને આધાર પૂરાવા મેળવેલ લાભાર્થી ૪૪,૭૩૩

એચ.આઇ.વી.ની દવા માટે ફરી પાછા એ.આર.ટી. સેન્ટરની સેવા સાથે જોડાણ : ૨૭,૦૬૧










## વિશ્વ ક્ષય દિવસ

ગુજરાત રાજયમાં ૨૬ વિહાન કેર સપોર્ટ સેન્ટર દ્વારા કુલ ૪૬,૪૮૮ એચ.આઇ.વી. પોઝીટીવ લાભાર્થીઓનું ટીબીના ૪ કારણો સાથે ટીબી સ્ક્રીનીંગ કરવામાં આવ્યું.

કુલ ૧,૯૨૧ લાભાર્થીઓને ૪ પૈકીનું એક કારણ પોઝીટીવ જણાતા ટીબી તપાસ માટે જોડાણ કરવામાં આવ્યું. કુલ ૧૭૭ લાભાર્થીઓની ટીબી તપાસ પોઝીટીવ આવતા ટીબીની એ.ટી.ટી. સારવાર શરૂ કરાવવામાં આવી.

## મહિલા વિશેષ

....હું અમરેલી જીલ્લાના એક નાનકડા ગામની વતની છુ. મારા લગ્ન બાદ પતિ બિમાર પડયા અને થોડા સમયમાં અવસાન પામ્યા. પરિવારનો સહકાર ન હોવાના કારણે મારા પતિના મૃત્યુ બાદ મારી નાની દિકરીના ઉછેરની તમામ જવાબારી એકલા હાથે નિભાવવાની ફરજ પડી. એકલ જીવનના આ પહાડ જેવા પ્રશ્નને મારે નિરાકરણ સુધી પહોંચાડવાનો પડકાર વિધાતાએ મારી સામે લાવી મૂકયો. વધુમાં મારો લોહીનો રીપોર્ટ એચ.આઇ.વી. પાઝીટીવ આવ્યો. હું પણ હિંમત હારી નહી અને કમર કસી. મારી દિકરીને ભણાવી અને મોટી કરી. કોલેજ સુધી શિક્ષણ અપાવ્યું. અને લગ્ન કરાવ્યા. લગ્નનો તમામ ખર્ચ મેં જાતે કર્યો. મને થયુંકે ચાલો દિકરી સુખી રહેશે. પરંતું થોડા જ મહિનામાં દિકરી જમાઇને અણબનાવ થવાથી છૂટાછેડા થયા. મારી દિકરીનો અભ્યાસ પાછો ચાલુ કરાવી. બીસીએ નો કોર્ષ શરૂ કરાવ્યો. મેં તેનેં લગ્ન માટે ખુબ સમજાવી પરંતું જયાં સુધી તે પગભર નહી થાય ત્યાં સુધી પાછા લગ્ન નહી કરે તેવી મકકમતા દાખવી. દિકરીનો અભ્યાસખર્ચ અને જીવનનિર્વાહ માટે મેં ખાદીનું કાપડ બનાવી વેચવાનું શરૂ કર્યું. જે માટે મને અમરેલી જીલ્લા સંગઠનન એ.ડી.એન.પી.+ વિહાન ટીમ તથા અમારા સ્થાનિક આઇસીટીસી કાઉન્સેલર દ્વારા પ્રેરણા આપી મદદરૂપ થયા. આ ઉપરાંત વિહાન સેન્ટર દ્વારા અવારનવાર પોષ્ટિક આહાર તથા અન્ય યોજનાકીય સહાયનો લાભ મળે છે. વિહાન સંગાથે હું સક્ષમ છું, પરિવર્તન માટે નીડર છું.



આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે. આપના સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.

સંપર્ક : સુરત મુખ્ય ઓફિસ : ૦૨૬૧ ૨૫૩૦૦૦૨, અમદાવાદ શાખા ઓફિસ : ૦૭૯ ૨૨૧૬૦૮૪૨, ઈમેલ : info.gsnpplus@gmail.com, વેબ સાઇટ : www.gsnpplus.org